# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કોર્ટ-કેસ, કઢાવસે ક્લીનચીટે ચૂંટાયા પછી!
ન્યાયાધીશો નચાવસે સંઘતાલે ચૂંટાયા પછી!
શબ્દ 'તપાસ' તો રદ્દ થશે જોડણીકોશ માંથી જ-
વિરોધીઓ ચઢાવશે માંચડે ચૂંટાયા પછી!!
(પંચ સામે બાંયો ચઢાવી)

## હાઈકુ

હવે ઇ પણ
'ચા ની ચૂસ્કી' સાથે
ચૂસી જ લેશે!

ચૂંટણી પતી -
ને ડેરી થઇ વેરી -
દૂધ થ્યાં ઝેરી!

## ચિંતન

*શ્રિયઃ પ્રદુગ્ધે વિપદો રૂણદ્ધિ યશાંસિ સૂતે મલિનં પ્રમાર્ષ્ટિ ।*
*સંસ્કાર શૌચેન પુરં પુનીતે શુદ્ધા હિ બુદ્ધિઃ કિલ કામધેનુઃ ॥*

શુદ્ધ બુદ્ધિ - એટલે કે શુદ્ધ વિચારો-હકારાત્મક વિચારણા જ ખરેખર કામધેનુ ગાય જેવી વિચારશક્તિ છે, કારણ કે તે સંપત્તિનું દોહન કરે છે, વિપત્તિ ને રોકે છે, મલિનતા ને ધોઇ નાખે છે અને સંસ્કાર રૂપી પવિત્રતા દ્વારા બીજાને પાવન કરે છે.

કામધેનુ ગાય એ કલ્પવૃક્ષ જેવી છે એની સેવા-સુશ્રુષાથી મનવાંછિત તમામ કામનાઓ પરિપૂર્ણ થાય છે. અહીં પોઝીટીવ થિંકિંગ- હકારાત્મક વિચાર એટલે બધાની બાબતમાં બધાનું શુભ અને શુભ દૃષ્ટિકોણથી વિચારવું એ જ કામધેનું ગાય જેવું કામ કરે છે.

સારી વિચાર શક્તિથી સંપત્તિ જાતે જ એ વિચારક પાસે આવે છે, હકારાત્મક-સારી વિચારધારા સૌનું કલ્યાણ ઇચ્છે છે એટલે ક્ષમાનો ગુણ પણ આપોઆપ એની સાથે સંલગ્ન રહે છે. સૌ તરફનો મૈત્રીભાવ હોવાના કારણે દુશ્મનો થતા નથી અને તેથી જ વિપત્તિઓ-મુશ્કેલીઓ આવતી નથી.

સારા વિચાર મન આવતા દુર્વિચાર માટેના દ્વાર બંધ કરી નાખે છે તેથી મનમાં મલિનતા પ્રવેશતી નથી. શુદ્ધ અને સાત્ત્વિક વિચારોથી 'સંસ્કાર' અને પવિત્રતાને પુષ્ટિ મળે છે.

## સુવિચાર

- ઇશ્વરને રીઝવવા જે હૃદયને બદલે જીભનો સહારો લે છે, પરંતુ એવી પ્રાર્થના કદી ફળતી નથી, કારણ કે જ્યાં સુધી મન શંકારહિત અને હૃદય પ્રેમ મય ન બને ત્યાં સુધી પ્રાર્થના શબ્દાચાર બની રહે છે *- એસ. ભટ્ટાચાર્ય*
- દિલાવરી વગરનું ધબકતું દિલ એ કેવળ માસ પિંડ જ ગણાય, હૃદયના ધબકારા સ્ટેથોસ્કોપથી સાંભળી શકાય, પણ સમર્પણના ધબકારા સાંભળી શકે એવા કાન આજે દુર્લભ છે *- મુનિ ભાનુચંદ્રવિજયજી*
- માણસને સચ્ચાઇ સાબિત કરવા સાક્ષીની જરૂર પડે છે, માણસ સમયને સાક્ષી બનાવવા મથે છે પણ સમય કોઇનો સાક્ષી બનતો નથી *- માનસ મૂગ*
- સમય પર એ જ સવારી કરી શકે જે સમયની લગામ પકડી શકે *- અમૃતા પ્રિતમ*
- જીવન પ્રત્યેનો કે સમસ્યા પ્રત્યેનો નકારાત્મક અભિગમ આત્મબળના ચંદનના લાકડાને કરવતથી વહેરવા સમાન છે *- અરબી કહેવત*
- ઇશ્વર ક્રુર છે એમ આપણે ફરિયાદ કરીએ છીએ, પણ હકીકતમાં તમે ડગશો તો ભાગ્ય ડગશે, તમે ડગશો તો ઇશ્વર તમારા ડગમગાતા કદમને ક્યાંથી સ્થિર રાખશે? *- જન કલ્યાણ*
- તમારા દિલમાં રહેલી ત્યાગ, ક્ષમા, પ્રેમ, લાગણી ઉદારતા જો તમારા સ્વાર્થના સેફ ડીપોઝીટ વોલ્ટમાં રાખવાની વસ્તુ બની જાય તો વ્યક્તિ તરીકે તમારાથી તમારા પરિવાર કે સમાજને શો લાભ?? *- કાન્તિ ભટ્ટ*

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

આજના સ્વાર્થ પ્રચૂર કલિયુગમાં કોઇ, કોઇને વિના કારણ, વિના ઓળખાણ, વિના સ્વાર્થ મદદ કરતું નથી કોઇ પણ ભલમનસાઇ કે મદદરૂપ થવાનો પ્રસંગ પણ ઊભો થાય ત્યારે પહેલો સવાલ મનમાં એ જ આવે છે કે 'એમાં મારું શું? મને શું ફાયદો?' નિઃસ્વાર્થ સેવા તો કોઇ સંત હૃદય-સજ્જન જ કરતા હોય છે એ ઓલીયા કે મસ્ત ફકીર સ્વભાવના જ હોય...

બગદાદમાં મોટી આગ લાગી. પવનથી ઘણાં બધાં ઘર-મહોલ્લામાં ફેલાઇ ગઇ.

કાસિમનું ઘર પણ સળગ્યું. તેના બીવી-બચ્ચાં ને તો તેના એક નાનપણથી સાથે રહેલા ગુલામે બચાવી દીધાં પણ થોડી માલમત્તા લેવા તિજોરીની ચાવી આપી ફરી એ સળગતા મકાનમાં ગુલામને, કાસિમે મોકલ્યો...

ઘણીવાર થઇ, ગુલામ આગમાં ઘેરાઇ ગયો. બચાવની બૂમો પાડવા લાગ્યો. બહાર કાસિમ પણ બૂમો પાડી મદદ માગવા લાગ્યો કહ્યું મારા આ ગુલામને કોઇ બચાવી લાવશે એને હું એક હજાર દિનાર ભેટ આપીશ..

એક કાળા ઝબ્બાવાળા ઓલિયાએ સાંળળ્યું, ઝબ્બો ફેંકી કૂદી પડ્યો અને થોડી જ સેકંડમાં એ બેભાન ગુલામને ઊંચકી બહાર આવ્યો. ઝબ્બો પહેરી જવા લાગ્યો. કાસિમ કહે, ભાઇ તારું ઇનામ તો લેતો જા! ઓલિયો કહે, આપત્તિમાં ઇન્સાનની મદદ કરવી એ તો મારી ફરજ-ધર્મ છે એમાં ઇનામ શેનું?!

Email - sureshchandrabhatt18@gmail.com

# મારા જીવનની ગતિ ભલે આરંભથી અસ્થિર રહી હોય પણ હમણાં હમણાં છેલ્લા પાંચેક વર્ષથી હું ગાંધીનગરમાં સ્થિરતાથી રહ્યો છું અને ગાંધીનગરનું પાણી જ એવું છે કે ભલભલાને સ્થિર કરી દે છે, જો કે ધ્યાન ન રાખીએ તો અસ્થિર પણ કરી દે છે

## હું, નરેન્દ્ર મોદી અને સોક્રેટિસ હાસ્યલેખ

- ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ તો હું મારા વિશે બહુ વધારે લખતો નથી... અગાઉ એક હાસ્યલેખ લખેલો'ગમે તેવો તો ય હું' એ લેખ મને ખૂબ જ પસંદ પડેલો... જો કે આપણે ત્યાં સાહિત્યકારો પોતાના વિશે કશું લખવાનું, બોલવાનું કે કહેવાનું ટાળતા હોય છે. આમ છતાંય હું આ બીજી વખત હિંમત કરીને મારી ઉપર લેખ લખવા તત્પર થયો છું. (મૂરખ નહીં તો!)

મારા જીવનની ગતિ ભલે આરંભથી અસ્થિર રહી હોય પણ હમણાં હમણાં છેલ્લા પાંચેક વર્ષથી હું ગાંધીનગરમાં સ્થિરતાથી રહ્યો છું અને ગાંધીનગરનું પાણી જ એવું છે કે ભલભલાને સ્થિર કરી દે છે. જો કે ધ્યાન ન રાખીએ તો અસ્થિર પણ કરી દે છે.

હું આમ જોઇએ તો મારી જાતને ખુબ જ હોંશિયાર બુદ્ધિશાળી અને ટેલેન્ટેડ સમજતો હતો પરંતુ ગાંધીનગરમાં આવ્યા પછી સમજાયું કે અહીં તો મોદી સાહેબ છે. હું તો સાવ 'ઢ' છું મૂર્ખ છું. વળી એક સત્ય એ પણ સમજાયું કે સોક્રેટિસના પુસ્તકો વાંચવાથી વિદ્વાન કે બુદ્ધિશાળી નથી બની જવાતું પરંતુ તેમની હતી તેવી 'જેન્થીપી' જેવી પત્ની સાથે લગ્ન કરવાથી વિદ્વાન, બુદ્ધિશાળી અને મહાન બનાય છે. જીવનના મર્મ સુધી - તળ સુધી પહોંચી શકાય છે. જેન્થીપી જેવી પત્નીને કારણે પોતે 'સોક્રેટિસ' બની શક્યા એ વાત એમણે જાહેરમાં કબુલ કરી હતી. નહિતર એ સામાન્ય માણસ જ હોત અને આપણે ઘરમાં પત્ની બે-ચાર વખત ઝઘડે કે તરત જ ઉશ્કેરાઇ જઇએ છીએ. એમ થોડું સાહિત્યકાર બની જવાય છે ? જેન્થીપી એ તો ડોલ ભરીને ગટરનું ગંદુ પાણી પોતાના પ્રિય પતિ ઉપર ઢોળેલું છતાંય સોક્રેટિસ હસતા રહેલા અને એમાંથી પણ પ્રેરણા મેળવતા રહેલા... આવું સ્ત્રી દાક્ષિણ્ય છે આપણામાં?

નરેન્દ્ર મોદી આ બાબતે સુખી છે જો કે તેઓ મહાન થવામાં નહીં કામ કરવામાં, વિકાસ કરવામાં માને છે. મારી દૃષ્ટિએ મોદી સાહેબ સોક્રેટિસ કરતાંય વધારે કુશાગ્ર, બુદ્ધિશાળી કહેવાય. કેમ કે 'પત્ની' વિશે તેઓ પહેલેથી જ જાણતા હતા તેથી એ ઝંઝટમાં તેઓ પડ્યા જ નહીં. અને હવે 'પત્ની છે અને નથી' ની વચ્ચે તમામ વિરોધીઓને ટેન્શનમાં લાવી દીધા છે અને એટલે જ તેઓ ગુજરાતની છ કરોડની જનતાને વટ્ટથી કહી શકે છે કે તમે સુઇ જાવ... હું જાગતો રહીશ... બાકી હમણાં ઘરમાં પત્ની હોય તો? કોઇના માટે આખી રાત જાગી શકાય ખરું? પણ મોદી સાહેબને કોઇ જેન્થીની નથી એ ગુજરાતના સારા નસીબની નિશાની છે.

હવે અત્યારની પરિસ્થિતિ મુજબ જોઇએ તો મને આ બંને મહાનુભાવોના ચરિત્રો લાગું પડે છે. સોક્રેટિસ ઉપર પત્ની દ્વારા ઢાળાયેલું ગંદુ પાણી અને મારી ઉપર ઢોળાયેલી અસ્ખલિત વાણી... એક રીતે ભાવસંદર્ભ અને સંવેદનાત્મક રીતે સામ્યતા ધરાવે છે. ફેર એટલો કે સોક્રેટિસ મહાન માણસ તરીકે ઉભરી આવ્યા અને હું મૂર્ખ તરીકે.

હું ભલે ન જાણતો હોઉં પણ મને ઘણા મિત્રો મૂર્ખ તો માનતા જ હશે કેમ કે મારું અત્યારનું જીવન જ એવું છે કે... મિત્રો એ નક્કી નથી કરી શકતા કે હું મહાન છું કે મૂર્ખ? હું સાચો છું કે ખોટો? આમ તો અત્યાર સુધી હું મને પોતાને મહાન જ સમજતો હતો. (અંદરથી તો હજીયે મહાન જ સમજું છું) પરંતુ હવે ક્યારેક લાગે છે કે ના, ના, હું મહાન નહીં પણ મહાન મૂર્ખ છું... મારી મૂર્ખતા ના સચોટ કારણો આપી મારે મારી જાતને અને મારા સ્નેહીઓના, ચાહકોના, મિત્રોનાં, હૃદયને ઠેસ નથી પહોંચાડવી વળી મૂર્ખતાના કાંઇ કારણો થોડા હોય? એ તો હોય જ છે આથી હું જલ્દીથી હાર સ્વીકારતો નથી. મોદી સાહેબમાંથી પ્રેરણા લઇને હું પણ છેક અંત સુધી છેલ્લા બોલ સુધી રમી-લડી લેવામાં માનું છું. અને છેલ્લા બોલે સિક્સ મારીને મેચ જીતવાની તાકાત પણ ધરાવું છું. પરંતુ એ માટે આપણા હાથમાં બેટ હોવું જરૂરી છે અને હવે હાથમાં બેટ લેવાની ઇચ્છા પણ થતી નથી. T-20 મેચ રમ્યો જોરદાર રન કર્યા. પણ છેલ્લા બોલે જ હાર્યો...જો કે હારવાનું એક કારણ એ પણ હતું કે મારી મેચમાં એમ્પાયરો ઘણાં બધાં હતા અને પાછા એ બધા મારા વિરોધી તેથી છેલ્લા બોલે મારી સિક્સ હોવા છતાંય મને છેક બાઉન્ડ્રી ઉપર કેચ આઉટ જાહેર કર્યો... મેચ હાર્યા પછી જ ખ્યાલ આવ્યો કે અમ્પાયરોનો પણ ક્યારેય વિશ્વાસ ના કરવો. કેમ કે તેઓને માત્ર આંગળી ઊંચી કરી દેવાની અને બાઝી ખતમ... જીવનમાં પણ એવું જ છે. જ્યાં જ્યાં સાચી આંગળી ઊઠી છે ત્યાં ત્યાં ક્રાંતિ થઇ છે અને મોટી આંગળી ઊઠી છે ત્યાં પ્રલય થયો છે. ઘણાં સ્નેહીઓ એવું માનતા હશે કે હવે મારા જીવનમાં પણ પ્રલય આવશે. જો કે એ પ્રલયને હું 'ક્રાંતિ'માં ફેરવી નાખવાની તાકાત ધરાવું છું. કેમ કે હું મોદી સાહેબના ગુજરાતમાં રહું છું. એમની કેટલીયે ટેકનિકો મેં પણ અપનાવી છે. વિરોધીઓ ગમે તેટલા ઊંચા-નીચા થાય એમની બહુ પરવા કરવી નહીં અને આપણી આસપાસના લોકો ગમે તેટલું બોલ-બોલ કરે. એ બહુ સાંભળવું નહીં... બસ માત્ર કામ કરતું રહેવું! અને એટલે જ હારેલી મેચને વાતાવરણને કારણે કેન્સલ ગણી એ જ મેચ ફરીથી રમાડવી. એવી દરખાસ્ત મેં સાત-આઠ વખત બોર્ડ સમક્ષ મુકી પણ બોર્ડમાં બેઠેલા અમ્પાયરોને ડર એ છે કે જો આમ થશે અને મેચ ફરીથી રમાશે તો... હું મેચ જીતી જઇશ. જો કે મારી ટીમના ખેલાડીઓ તો મને બીજી મેચ રમવાનું કહે છે. બીજી ટીમો પણ તૈયાર છે પણ આપણને એમ કે એક જ મેચમાં વર્લ્ડ કપ જીતાતો હોય તો બીજી મેચો રમવાની શી જરૂર? પણ આ મેચ ઉપરથી ખ્યાલ આવ્યો કે 'મેચ' જીતવા માટે માત્ર સોની 'ટીમ' જ નહીં. અમ્પાયરો પણ તટસ્થ હોવા જરૂરી છે. જો કે એ દરેક ઓવરે-ઓવરે આંગણી ઊંચી કરતા જાય તે આપણી પાસે અગિયારે અગિયાર સચીન કે ધોની કે વિરાટ હોય તો પણ મેચ જીતી ના શકાય.

સોક્રેટિસ અંદરથી ભલે મેચ હાર્યા હોય પણ બહાર તો એ મેચ જીતી ગયેલા. નરેન્દ્ર મોદી સાહેબનું પણ એવું જ છે. એમને તો મેચ શરૂ થતા પહેલાં જ સામેની આખેઆખી ટીમને જ ગાયબ કરી દીધી... પછી અમ્પાયરોનો પ્રશ્ન જ ના રહ્યો. તેથી મેચ હારી જવાની પણ ચિંતા ના રહી. હવે મોદીસાહેબની આ ટેકનિક જ્યારે અમે શીખ્યા ત્યારે સમય વીતી ગયેલો અને અમે મેચ રમીને હારી ગયેલા. છેક છેલ્લી ઓવરમાં છેલ્લા બોલે અમને ખબર પાડવામાં આવી કે તમે સિક્સ નથી મારી... અમે કેચ આઉટ જાહેર થયા છીએ... ત્યારે લાગ્યું કે ખરેખર અમે મૂરખ છીએ આટઆટલા વર્ષોનો અમારો બુદ્ધિશાળી હોવાનો ભ્રમ પણ ક્લિન બોલ્ડ થયો. જો કે આ અનુભવ અમને જીવન ઉપયોગી સાબિત થયો. તેથી હવે નક્કી કર્યું છે કે આપણે આપણી જાતને ચાણક્યનો દીકરો ન માનવી બહુ બુદ્ધિશાળી, હોંશિયાર, ન સમજવી... મૂર્ખ થઇને જ રહેવું. આ દૃષ્ટિએ અમને અમારી સરખામણી સોક્રેટિસ સાથે કરવાનું મન થાય. કેમ કે સોક્રેટિસ પણ પોતાની જાતને (પત્ની પાસે) મૂર્ખ જ માનતા. જો કે આ બાબતે મોદી સાહેબ સાવ જુદા પડે છે. તેઓ પોતાને નહીં બીજાને મૂર્ખ માને છે એવી માહિતી અમારી પાસે છે. કેમ કે ગુજરાતમાં ચૂંટણીને દિવસે જ મતદાન કરી ત્યાં જ બાજુમાં પત્રકાર પરિષદ યોજી એક નાનું સફેદ કમળ બધાને બતાવી - પોતાના મોબાઇલમાં પોતાનો 'સેલ્ફી ફોટો' ખેંચી આખા દેશના રાજકીય આગેવાનો, પત્રકારો, ચેનલો, વિરોધીઓ - સૌ કોઇને ગેલમાં લાવી દીધેલા... બધાને એમ કે હવે મોદી ગયા... પણ એ સફેદ નાનું કમળ નહોતું. સુદર્શન ચક્ર હતું જે દેશનાં ઘરેઘરમાં - લોકોના માનસમાં - દિલમાં ફરી વળ્યું. બે-ત્રણ દિવસ પછી બધાને સમજાયું કે મોદી સાહેબ મફતમાં થોડુ જોખમ ખેડીને દેશના-દુનિયાના ઘરેઘરમાં પહોંચી ગયા... મને લાગે છે કે મોદીજીની આ કુશાગ્ર બુદ્ધિનું રહસ્ય 'પત્નીની ગેરહાજરી' છે તો 'સોક્રેટિસ'ની મહાનતાનું રહસ્ય 'પત્નીની હાજરી' છે... જે હોય તે પણ આ બંને ઐતિહાસિક મહામાનવો મને ખૂબ ગમે છે... એક પત્ની સાથે રહીને અને બીજાએ પત્નીથી જુદા રહીને પોતપોતાના ક્ષેત્રમાં વૈશ્વિક સિદ્ધિ-ખ્યાતી હાંસિલ કરી છે... હવે હું અવઢવમાં છું કે મારે પણ વૈશ્વિક સિદ્ધિ હાંસલ કરવી છે તો પત્નીની સાથે રહેવું કે દૂર એકલા રહેવું? સોક્રેટિસ તો કેવી રીતે મને માર્ગદર્શન આપી શકે? પણ હે મોદી સાહેબ! મારે શું કરવું? મને માર્ગદર્શન આપશો?

# મલ્ટીપ્લેક્સીસમાં જઇ ઢગલો રૂપિયા ખર્ચીને અમુક મિનિટ ગેમ્સ રમવાનો જમાનો આવી ગયો છે, વિના મૂલ્યે ઘરઆંગણે રમાતી રમતો રમવાને લાયક હવે બાળકો રહ્યા નથી

## એ... માટલી ચિરાણી... વિચારયાત્રા

- ડો. જય ઓઝા

થપ્પો, (સંતાકુકડી), નારગોલ, દોડ-પકડ, ગિલ્લી-દંડા, લખોટી, ભરમડા, કબડ્ડી, સાકળ-સાતતાળી, યાદ છે ને! આપણએ આ બધી રમત રમીને જ મોટા થયા છીએ, કમનસીબે અત્યારે આ બધી રમતના નામ પણ સાંભળવા નથી મળતા!

આજના બાળક ઉપર 'ભાર વગરનું ભણતર' ભમી રહ્યું છે, પોતાના પાલ્યને સમાજના દરેક ક્ષેત્રમાં આગળ રાખવાની મા-બાપની ઘેલછાનાં પરિણામે સંગીત, નૃત્ય, સ્વીમીંગ, કરાટે આ બધી જ તાલીમ લઇને તેને સુપરમેન બનાવી દીધો છે, આ બધી પ્રવૃત્તિમાં તેનો કચ્ચરઘાણ નીકળી જાય પછી ઘરે આવીને કોમ્પ્યુટર ઉપર અવનવી ગેમ્સ રમવા લાગી પડશે, રોડરેસ, એનકાઉન્ટર જેવી રમતો રમતો રમતા બાળકો ખુરશીમાં તો ઘણી ઉછળકૂદ કરે છે રીમોટ પકડીને! પણ મેદાન ઉપર એક ચક્કર દોડવાનું હોય તો 'આઇ એણ કોમ્પ્લેન બોય'નું દૂધ જવાબ આપી દે છે.

ટી.વી. અને વીડિયો ગેમ્સમાં રમમાણ રહેતા આજના બાળકોને તો ઉપરની અમૂક રમતોના નામ પણ ત્યારે ખબર નહીં હોય, બાળપણને પણ ગ્લોબલાઇઝેશનની હવા લગાડીને સરહદો પરથી માનસ બગાડનારી અવનવી ગેમ્સ આવી છે.

બાળકોનો શારીરિક અને બૌદ્ધિક વિકાસ થાય તેને અનુરૂપ પહેલાની રમતો હતી. કબડ્ડીમાં હુ તુ તુ તુ કરતાં અંદર જઇએ અને સામે છ-સાત જણ આપણને પંજામાં લેવા તત્પર હોય ત્યારે એમની પાસેથી છટકીને કેવી રીતે આવવું, તેમનો સામનો કેવી રીતે કરવો એ ખબર પડે તો ભવિષ્યમાં તે જ બાળકે એકલા જ સમાજમાં પગભર થવાનો વારો આવશે ત્યારે ઇર્ષ્યા, દ્વેષ અને દંભથી ખદબદતા લોકોનો શ્વાસ રોક્યા વગર સામનો કેમ કરવો, કોઇ પણ ભય રાખ્યા વગર મેદાનમાં કેમ ઘૂસી જવું તેની સમજ તેને મળે છે.

મને યાદ છે હું નાનો હતો ત્યારે સ્કૂલેથી છૂટીને અમે ઘરે આવીએ ત્યારે આખો ચોક બાળકોથી ભરાઇ ગયો હોય. સહુ પોતપોતાની ટોળી બનાવી કોઇ વખત પકડ-દોડ, સાંકળ-સાતતાળી, સંતાકુકડી જેવી રમતો રમતા, પડતા, વાગતું, ગોઠણ છોલાઇ જતા, ઉપર માટી ભભરાવીને પાછું દોડવાનું ચાલુ. રાતે ઘરે આવીએ ત્યારે કાં તો શર્ટનું બટન તૂટી ગયું હોય, અથવા તો સિલાઇમાંથી ખમીસ ફાટી ગયું હોય, કપડાં ઉપર અને શરીર ઉપર માટીની સોડમ અને રંગોળી બંને લઇને અમે ઘરમાં પ્રવેશતા.

આજે આવું ચિત્ર જોવા જ નથી મળતું, કારણ કે છોકરાઓને સમય જ નથી! આખો દિવસ સ્કૂલ અને પછી અગાઉ કહ્યું તેમ એક્સ્ટ્રા એક્ટિવીટીના નામે ડાન્સ, મ્યુઝિક, સ્વીમીંગની તાલીમ માટે મોકલી આપવામાં આવે, પાછા આવે ત્યારે એક્તા કપૂરની સિરીયલ સ્વાગત માટે તૈયાર જ હોય, અથવા તો કાર્ટૂન નેટવર્ક ઉપર સ્કૂબી-ડૂ ટોમ એન્ડ જેરી જોતા બાળકો પોતે જ કાર્ટૂન જેવા થઇ ગયા છે. બેઠાડું દિનચર્યા અને ટી.વી. સામે ખોડાઇ રહેવાના કારણે મેદસ્વીપણુ, સ્થૂળતા અને ચશ્મા આ બધા અલંકારોથી શોભાયમાન થઇ રહ્યા છે.

શૈશવની કુદરતી ઉછળકૂદ નહીં પરંતુ સ્ટેપ પ્રમાણએ પરફોર્મ કરતી ઊછળકૂદ મા-બાપ બાળકોને કરાવે છે. સ્કૂલના ફંકશનમાં પોતાનું સંતાન સરસ પરફોર્મ કરે એ માટે કે.જી. અને પહેલાં બીજામાં ભણતાં છોકરાઓ માટેના ડાન્સ કલાસીસનો રાફડો જામ્યો છે. ફિલ્મી ગીતો ઉપર નાચતા બાળકને જોઇને તમને આનંદ આવે છે. પણ તેનું શું થાય છે તે કોઇ દિવસ વિચાર્યું! બાળકમાં સમજ નથી માટે તમે કહેશો તેમ કરે રાખશે. પણ મા-બાપમાં તો સમજ છે ને! બાળપણનો તેનો નિર્દોષ આનંદ લૂંટીને તમે કેવી રીતે ખુશ રહી શકો! ઘરે કોઇ મહેમાન આવે ત્યારે હરખપદૂડા થઇને, ચાવીથી ચાલતું રમકડું હોય તેમ પોતાના બાળકને એક પછી એક આઇટમ રજૂ કરવાના આદેશ મા-બાપ જોયા છે ને! આવાં આઇટમ જેવું કોણ લાગે તેની ચોખવટની જરૂર નથી.

બાળકનો સર્વાંગી વિકાસ સાધવો હોય તો તેને શહેરની બસમાં એકલો મોકલો અને ત્યાંથી બીજી બસમાં પાછા આપવાનું કહો, અહે! દસમાં ધોરણ સુધી તેને આવી વ્યવહારિક સમજ જ નથી હોતી, કારણ કે રોજ ઘરે વાન લેવા મૂકવા આવી હોય, પછી બસનાં ચક્કરમાં પડ્યો જ ક્યાંથી હોય, અને આ જ કારણે એમ.કોમ.ની ડિગ્રી લીધા પછી પણ આજે એવા ઘણા વીરલા પડ્યા છે જેને બેંકની સ્લીપબૂક પર ભરતા નથી આવડતી.

વેકેશનમાં કોમ્પ્યુટરની તાલીમ લેવી એ સારી વાત છે, પરંતુ એમ.એસ. ઓફિસ અને ડી.ટી.પી. શીખવાની સાથે ઢાલગરવાડના વેપારી સાથે ભાવની રકઝક કેમ કરાય તેય શીખવું જરૂરી છે ને!

લખોટી અને ભમરડા તો હવે દંતકથા જ બની રહેવાના છે, શેરીના દસ-બાર બાળકો ભેગા થાય પછી ૫૦-૬૦ લખોટીઓ એક વર્તુળમાં મૂકવામાં આવે અને આંગળીઓની રમતથી તેનું નિશાન લેવાનું! તમને થશે કે આજે આને શું ચડી છે! પણ મને દુઃખ થાય છે કે આજે બધી રમતો મૃતઃપ્રાય બની ગઇ છે. મલ્ટીપ્લેક્સીસમાં જઇ ઢગલો રૂપિયા ખર્ચીને અમુક મિનિટ ગેમ્સ રમવાનો જમાવો આવી ગયો છે. વિનામૂલ્યે ઘરઆંગણે રમાતી રમતો રમવાને લાયક હવે બાળકો રહ્યા નથી.

આ બધી રમતો એ તો બહાના છે, પણ બાળપણથી જ મેદાનમાં એક સાથે રમતા રમતા આત્મીયતાના ગુણોનું સિંચન થાય છે. બાળપણમાં રમત રમતા ત્યારે આપણા કરતાં નાની ઉંમરના બાળકને આપણે 'દૂધ પીતો' કે 'ક્યપૂચિયો' આવી કેટેગરીમાં મૂકીને તેના તરફ સહાનુભૂતિ રાખતા હતા. તેમ મોટા થઇને પણ સંસારની આ અટપટી રમતમાં આપણા કરતા નબળા વ્યક્તિ પ્રત્યે થોડું જતું કરવાની ભાવના અને સહનશીલતાના ગુણ આપે છે. પણ આ બધું ગગથૂંથીમાં હોય તો જ શક્ય બને.

સંતાકૂકડીની રમતમાં વપરાતાં 'માટલી ચિરાણી' શબ્દનો ગૂઢાર્થ સમજવા જેવો છે. રમતમાં કોઇ એક વ્યક્તિની બદલે બીજાને આઉટ કરીએ (થપ્પો કરીએ) ત્યારે આ શબ્દપ્રયોગ થાય છે, એટલે કે ઓળખ ભૂલાય ત્યારે! અને અત્યારે આપણે બાળકના બાળપણની સાચી ઓળખ ભૂલી રહ્યા છીએ, શૈશવનો નિર્દોષ આનંદ ઓળખી ન શકીએ અને માટલી ચિરાય એ પહેલાં ચેતી જઇએ.

# મુહૂર્ત, કુમુહૂર્ત કે જન્માક્ષર જોયા વિના આપ બળે પ્રગતિ સાધનાર ઉદ્યોગવીર શ્રી જયદીપભાઇ ગોરેચા

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

**Enjoy the work you do,**
**and do the best you can.**

અંધશ્રદ્ધાની નહીં પણ શ્રદ્ધાપ્રેરક બાબતોથી જયદીપભાઇ ગોરેચાના વ્યક્તિત્વને ઓળખીએ. તેમના શબ્દોને અહીં વ્યક્ત કરું તો : 'લગભગ મહત્ત્વનું વ્યવસાયલક્ષી કાર્ય, કરીદી કહેવાતા કુમૂર્તમાં જ કર્યું છે અને આજ સુધી કોઇ તકલીફ પડી નથી. ક્યારેય જન્માક્ષર જોવડાવ્યા નથી અને સલાહ લીધી નથી. આવાસ, વ્યવસાયના સ્થળની દિશા માટે વાસ્તુશાસ્ત્રી પાસે માર્ગદર્શન લીધું નથી. ધો.૮ માં ખાનગી ટ્યુશન માટે શાળાના શિક્ષક દ્વારા આગ્રહ કરાતા મેં શાળા બદલાવી કારણ ટ્યુશનથી જ વધુ ગુણ પ્રાપ્ત થાય એ વિચારો સાથે હું સહમત હતો જ નહીં. આ ઘટના ૧૯૭૮માં મારી સાથે ઘટી હતી.'



તા. ૧૨-૦૮-૧૯૭૮ના શુભદિને જન્મેલા જયદીપભાનું મૂળ વતન ગોપ - જામનગર છે. પિતા મનસુખલાલ અને માતા દિવ્યાબહેનનાં સંસ્કારોથી સભર જયદીપભાઇ M.Sc. Solid State Physicsની પદવીથી વિભૂષિત થયેલા છે. ૧૯૯૩માં રાજકોટ ખાતે ધર્મપત્ની શીતલબહેન સાથે ગૃહસ્થીનો પ્રારંભ થયો. શીતલબેન B.Sc. Home Science ની પદવી ધરાવે છે. સુપુત્ર આદિત્યના આ માતાપિતા કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા કહે છે કે, 'કોમ્પ્યુટર યુગ આર્થિક, સામાજિક ક્ષેત્રે પરિવર્તન લાવી સર્વાંગી વિકાસમાં આધારરૂપ બને છે.'

સમંજસ ઉદ્યોગ પ્રા. લિ, જામનગરના મેનેજીંગ ડાયરેક્ટર જયદીપભાઇ બ્રાસ બેરીંગ કેઇજનું ઉત્પાદન કરે છે ઉપરાંત એક્ષપોર્ટ પણ થાય છે.

વાંચન માટે સમય બચતો નથી પણ વાંચનનો અને સાહિત્યનો શોખ ધરાવતા જયદીપભાઇ ટી.વી. સિરીયલ સ્પોર્ટસ, ડિસ્કવરી ચેનલ જુએ છે અને સમાચાર ખાસ જોઇ લે છે. ક્રિકેટ પ્રિય રમત છે. ભગવાન આપણા હૃદયમાં વસે છે તેમાં સંપૂર્ણ આસ્થા ધરાવતા જયદીપભાઇ ઉપવાસ, પાઠ-પૂજા કરતા નથી. ગોકુળ, મથુરા, વૃન્દાવન, હરિદ્વાર, કેદારનાથ, બદરીનાથ, તિરૂપતિ અને ઋષિકેશ જેવી પાવન જગ્યાએ તીર્થાટન કર્યા છે.

વ્યવસાયના (વિકાસ અર્થે તેઓ ૧૯૯૯થી આજ સુધી જર્મની, ફ્રાંસ, ઇટાલી, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા વ. સ્થળોના અનેકવાર પ્રવાસ ખેડ્યા છે. તેઓ વિશ્વકર્મા એજ્યુકેશન સંસ્થામાં બોર્ડ મેમ્બર તરીકે કાર્યરત છે.

દાનની વિગત અંગે અભિપ્રાય આપતા જયદીપભાઇએ એક ઉમદા સંદેશ આપતા કહ્યું હતું કે, જે મળ્યું છે તે પાછું આપી રહ્યો છું એટલે દાનનો સવાલ આવતો જ નથી.

અહીં સોક્રેટીસનું અવતરણ ટાંકવું મને ખૂબ જ યોગ્ય લાગે છે.

"તમારો આત્મા સાથ આપતો હોય ત્યારે કોઇથી ન ડરતાં."

આજે જ્યારે કામચોર, લાલચું, મનથી નબળાં, ચમત્કારોમાં માનતા, શોર્ટકટ અપનાવતા લોકો માટે જયદીપભાઇ ગોરેચાના પોઝીટીવ વિચારો માર્ગદર્શન બનશે.

જીવનની ફળશ્રુતિ પછીનું મનન ચિંતન શું છે? પ્રશ્નના ઉત્તરમાં જયદીપાભાઇનાં ઉદ્‌ગારો આ પ્રમાણે છે :

"જીવન એ સ્વપ્નની ફળશ્રુતિ માટેની સતત ચિંતન પ્રક્રિયા છે. હજુ સુધી જીવનના કોઇ એવા પડાવ પર પહોંચ્યો નથી પણ ચિંતન ક્ષણે ક્ષણે કરી રહ્યો છું. પ્રતિભા સંપન્ન જયદીપભાઇ ઉત્તરોત્તર પોતાનો, પરિવારનો, સમાજનો અને રાષ્ટ્રનો વિકાસ સાધે એવી પ્રભુને પ્રાર્થના - શુભેચ્છા - અભિનંદન."

તેમનો મો. નં છે : ૯૮૨૫૨૧૦૨૪૧